અપીલ અરજી નં.૧૪૯ તા.૩૦–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અમરનાથ સહદેવપ્રસાદ ત્રિપાઠી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અમરનાથ સહદેવપ્રસાદ ત્રિપાઠીની તા.૬–૫–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)આપની કચેરીમાં સાઉથઝોન–ઉધના એરિયામાં આપની કચેરીના રેકર્ડ ઉપર કેટલા રજીસ્ટર્ડ થયેલ વિડીયો થીયેટર છે. તેની નામ પ્લોટનંબર,લાયસન્સનંબર,તારીખ સાથેની માહિતી. મુદ્દા નં.(૨) આપની કચેરીમાંથી કુલ કેટલા થીયેટરોને મંજુરી(લાયસન્સ)આપવામાં આવેલ છે તેની માહિતી. વિ. મુદ્દા નં. (૧)થી (૫) ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૪૯/૨૦૧૧–૧૨

શ્રી અમરનાથ સહદેવપ્રસાદ ત્રિપાઠીની તા.૬–૫–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) આપની કચેરીમાં સાઉથઝોન–ઉધના એરિયામાં આપની કચેરીના રેકર્ડ ઉપર કેટલા રજીસ્ટર્ડ થયેલ વિડીયો થીયેટર છે. તેની નામ પ્લોટ નંબર,લાયસન્સનંબર,તારીખ સાથેની માહિતી.મુદ્દા નં. (૨) આપની કચેરીમાંથી કુલ કેટલા થીયેટરોને મંજુરી(લાયસન્સ) આપવામાં આવેલ છે તેની માહિતી. વિ. મુદ્દા નં. (૧)થી (૫) ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ ,આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૪૩૬ તા.૬–૭–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ કર્યા બાદ અને કાર્યવાહી દરમ્યાન કોઈ માહિતી મળેલ હોય તો તે જણાવવા તથા તે પછી કોઈ નારાજગી હોય તો જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જાહેર માહિતી અધિકારી મનોરંજન કર વિભાગ , બહુમાળી બિલ્ડીંગ, નાનપરાને પત્ર નં.સા.ઝોન/આ/આ.નં.૧૨૨ તા.૧૩–૫–૧૧ થી તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૧–૭–૧૧ ના પત્રથી ઉધનાઝોન તરફથી કોઈ વિગતો મળેલ નથી તેવું જણાવેલ છે.

અરજદારની તા.૬–૫–૧૧ ની અરજીથી ઉધનાઝોન વિસ્તારમાં થિયેટરોના લાયસન્સ અંગે મુદ્દાં ન.૧ થી ૩ અને બોગસ ડોકટરો અંગે મુદ્દા નં.૪ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ નિર્ણય મળેલ નથી. તેવું જણાવી તા.૩૦–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારની અરજી મુદ્દા નં.(૧) આપની કચેરીમાં સાઉથઝોન–ઉધના એરિયામાં આપની કચેરીના રેકર્ડ ઉપર કેટલા રજીસ્ટર્ડ થયેલ વિડીયો થીયેટર છે. તેની નામ પ્લોટનંબર,લાયસન્સનંબર,તારીખ સાથેની માહિતી.મુદ્દા નં. (૨) આપની કચેરીમાંથી કુલ કેટલા થીયેટરોને મંજુરી(લાયસન્સ) આપવામાં આવેલ છે તેની માહિતી. વિ. મુદ્દા નં.(૩) આપની કચેરીના રેકર્ડ ઉપર કેટલા થીયેટરો બીન કાયદેસર છે તેના નામ પ્લોટ નંબર સાથેની તમામ માહિતી. મુદ્દા નં.(૪) સાઉનઝોન– ઉધનાના હકુમતમાં કુલ કેટલા બોગસ ડોકટર ડીગ્રી વગરના ડોકટરો ના નામ સરનામાનું લીસ્ટ. મુદ્દા નં.૫ સદર બોગસ ડોકટરો વિરુધ્ધ કરવામાં આવેલ તમામ કાર્યવાહીની વિગતો બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ થી ૩ બાબતે સા.ઝોન/આ/આ.નં .૧૨૨ તા.૧૩–૫–૧૧ થી જાહેર માહિતી અધિકારી મનોરંજન કર વિભાગ , બહુમાળી બિલ્ડીંગ, નાનપરાને તબદીલ કરવામાં આવેલ છે. જેથી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી અન્ય સત્તા મંડળને લગતી હોઈ આરટીઆઈ કાયદાની કલમ–૬(૩) તેને તબદીલ કરવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૪ થી ૫ અંગે અરજદારને કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી. કે તેની તબદીલી કે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૬/૫/૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૪ અને ૫ ની જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી જો તેમના કાર્યક્ષેત્રમાં આવતી હોય તો દફતરી વિગતે ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા અન્યથા અન્ય જાહેર સત્તા મંડળને વધુ નિકટતાથી સ્પર્શતી હોય તો દિન–૫ માં અત્રેની જાણ હેઠળ તબદીલ કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી અમરનાથ સહદેવપ્રસાદ ત્રિપાઠી